| | | |
|---|---|---|
| | પોલીસ અધિક્ષકશ્રીની કચેરી ભરૂચ.<br>એલ.આઇ.બી. શાખા<br>ફોન નંબર : ૦૨૬૪૨ ૨૨૩૩૫૦<br>ઇ-મેઇલ : lib-sp-bha@gujarat.gov.in | |

નંબર : LIB/MMS/ગ્રીન/વિકલી/ /૨૦૨૨,

તારીખ : ૨૩/૧૦/૨૦૨૨.

**વિષય : તારીખ : ૧૭/૧૦/૨૦૨૨ થી તારીખ : ૨૩/૧૦/૨૦૨૨ સુધીના ગ્રીન કેટેગરીના પેપર કટીંગની માહિતી મોકલવા બાબત.**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનુ કે, તારીખ : ૧૭/૧૦/૨૦૨૨ થી તારીખ : ૨૩/૧૦/૨૦૨૨ સુધીમાં જુદા-જુદા ન્યુઝપેપરમાં આવેલ ગ્રીન કેટેગરીના સારી કામગીરીના પેપર કટીંગની માહિતી તૈયાર કરી આ સાથે પેટામાં સામેલ રાખી મોકલી આપેલ છે. જે આપશ્રીને વિદિત થાય.

(બી.એન.સગર)
પોલીસ ઇન્સપેકટર
એલ.આઇ.બી., ભરૂચ

સ.સા. રવાના ;
કોમ્પ્યુટર શાખા તરફ

**DATE: 17/10/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

## એલસીબીના દરોડામાં 94 હજારનો દારૂ જપ્ત

# અંકલેશ્વરમાં દિવાળી ટાણે બૂટલેગરો સામે કાર્યવાહી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબી ટીમ એ ગુજરાત હાઉસિંગ બોર્ડ ખાતે મિતેષ ગાંધી ના ઘરે દરોડા પાડી ઈંગ્લીશ દારૂની નાની-મોટી બોટલ અને ટીન મળી કુલ 207 બોટલ દારૂ જથ્થો ઝડપી પાડ્યો હતો પોલીસે 30 હજાર ઉપરાંતનો ઈંગ્લીશ દારૂનો જથ્થો જપ્ત કરી મિતેષ નટવર ગાંધી ની ધરપકડ કરી જેલભેગા કર્યા હતા.

બીજા દરોડામાં મોદી નગર ના કુખ્યાત બુટલેગર અમિત ઉર્ફે કાળીયો રમેશચંદ્ર મોદી ને કમલમ તળાવ ગ્રાઉન્ડ પાસે ઇકો અને એક્ટીવા ગાડી માં દારૂ લઈ વેચાણ કરતા રંગે હાથ ઝડપી પાડ્યો હતો. પોલીસે બંને ગાડી માં સર્ચ દરમિયાન ઈંગ્લીશ દારૂની 60 જેટલી બોટલ મળી આવી હતી. પોલીસે 11160 રૂપિયા નો દારૂ નો જથ્થો 1 ઇકો કાર તેમજ એક્ટીવા મળી 3.41 લાખ રૂપિયા ઉપરાંત નો જથ્થો જપ્ત કર્યો હતો.

ત્રીજા દરોડા માં પેટ્રોલિંગ દરમિયાન અંદાડા ગામ ની કૈલાસ ટેકરી ફળીયા માં રહેતો ભાવના હર્ષદ મોદી વિદેશી દારૂ નો વેપલો ચલાવી રહ્યો હોવાની મળેલી માહિતી ના આધારે રેડ કરતા વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો એલસીબી પોલીસે ભાવના મોદી ની અટકાયત કરી 52 હજાર 800 ની કિંમત નો વિદેશી દારૂનો જથ્થો કબ્જે કરી તેની વિરુદ્ધ શહેર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે

## જંબુસર તાલુકામાં અસામાજીક પ્રવૃતિઓ સામે કડક કાર્યવાહી

# માલપોર ગામે ઝાડીઓમાંથી 6 ખેલી પોલીસના હાથે ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

જંબુસર તાલુકામાં આવેલાં માલપોર ગામે ગોપી તળાવ પાસે બાવળિયાની ઝાડીઓમાં જાહેરમાં જુગાર રમતાં 6 જુગારિયાઓને પોલીસે ઝડપી પાડ્યો હતો. ટીમે તેમની પાસેથી રોકડા 10 હજાર ઉપરાંતનો મદ્દામાલ જપ્ત કરી તમામ વિરૂદ્ધ કાવી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

કાવી પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે વેળાં તેમને ચોક્કસ બાતમી મળી હતી કે, માલપોર ગામે ગોપી તળાવ પાસે આવેલાં બાવળિયાની ઝાડીઓમાં કેટલાંક શખ્સોએ જુગારની મહેફિલ જમાવી છે. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડતાં જુગારિયાઓમાં દોડધામ મચી ગઈ હતી. જોકે, ટીમે ઉદેસંગ જેસંગ પરમાર, મહેશ ઈશ્વર ગોહિલ, વસંત અમરસંગ ગોહિલ, કાનજી છોટુ પરમાર, દિનેશ શંકર માછી તેમજ શંકર મુળજી પરમારને ટીમે ઝડપી પાડ્યાં હતાં. ટીમે તેમની અંગઝડતીમાંથી તેમજ દાવપર લાગેલાં રૂપિયા મળી કુલ 10 હજાર ઉપરાંતની રોકડ રકમ જપ્ત કરી હતી. કાવી પોલીસ મથકે તમામ વિરૂદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગ્રામ્ય વિસ્તારોમાં દારૂ તથા જુગારની બદી ફુલી ફાલી છે. આ બદીઓના કારણે મહિલાઓમાં ભારે રોષ જોવા મળી રહયો છે. કેટલાય ગામોમાં દારૂના અડ્ડાઓ બંધ કરાવવા માટે મહિલાઓએ મોરચા પણ ખોલ્યાં હતાં. ભરૂચ પોલીસ પણ આવી ગેરકાયદે પ્રવૃતિઓને કડક હાથે ડામી દેવા માટે સજ્જ બની છે.

**DATE: 17/10/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# બોરભાઠા ગામે જુગાર રમતા 2 ઈસમો ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

જૂના બોરભાઠા બેટ ગામે બાવળની ઝાડીમા ખુલ્લામાં કેટલાક ઈસમો જુગાર રમી રમાડે છે. સદર માહિતીના આધારે સ્થળ પર રેઈડ કરી હતી. પોલીસે સ્ટાફ માણસો સાથે કોર્ડન કારવા જતા જુગાર રમતા ઈસમોને પોલીસની જાણ થઈ જતા દોડધામ મચી ગઈ હતી. પોલીસે સ્થળ પરથી જુગાર રમતા બે ઈસમો કલ્પેશ રાવળ અને તેજસ પટેલ ઝડપી પાડ્યા હતાં. પોલીસે સ્થળ પરથી રોકડા રૂ.10,870 તથા વાહનો અને મોબાઈલ મળી 1.26 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 17/10/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### એક આરોપીની 12 હજારના મુદ્દામાલ સાથે ધરપકડ

# પાનના ગલ્લાની આડમાં જુગાર રમાડવાનો વેપલો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર નેશનલ હાઈવે નંબર 8 માંડવા ટોલ પ્લાઝા પાસે ગલ્લા પર ઓનલાઈન સટ્ટો રમાડતા 1 ઝડપાઈ જવા પામ્યો હતો. પાન બીડી ના ગલ્લા પર આંક ફરક નો ઓનલાઈન સટ્ટો રમતો હતો હતો. પોલીસે 12 હજાર ઉપરાંતનો રોકડ જપ્ત કરી હતી.

ભરૂચ એલસીબી પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન નેશનલ હાઈવે નંબર 8 પર આવેલ માંડવા ટોલ પ્લાઝા પાસે ઝગડીયા નો ઈસમ મોબાઈલ માધ્યમ થી માંડવા ના ગલ્લા ધારક રાજેશ ચંદુ વસાવા સાથે સાંઠગાંઠ માં આંક ફરકે નો જુગાર રમાડતો હતો. જેવી ચોક્કસ માહિતી આધારે એલસીબી ની ટીમ એ ગલ્લા ધારક રાજેશ ચંદુ વસાવા ને ઝડપી પાડ્યો હતો. જ્યારે આ મોબાઈલ પર આંક ફરક ના આંકડા લેનાર એઝાઝ નામના ગોવાલી ઝગડીયા ના ઈસમ ને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો હતો. પોલીસે મોબાઈલ તેમજ રોકડ રૂપિયા મળી 12320 રૂપિયા નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 18/10/2022 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–09**

# ભરૂચ SP અને અંકલેશ્વર DYSPનું સન્માન



અંકલેશ્વર યુનિયન બેંક લુંટના કેસમાં દિલધડક અને જીવન જોખમે ગણતરીના કલાકોમાં જ પાંચ લુંટારૂઓને ઝડપી પાડનાર એસ.પી. ડો. લીના પાટીલ અને ડીવાયએસપી ચિરાગ દેસાઈ તેમજ પોલીસ ટીમનું ગૃહમંત્રી હર્ષ સંઘવીના હસ્તે સન્માન.કરવામાં આવ્યુ હતું.

**DATE: 18/10/2022 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–09**

# અંકલેશ્વરના અંદાડા ગામેથી દારૂ સાથે એક ઇસમની ધરપકડ

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર તાલુકાના અંદાડા ગામેથી ભરૂચ એલસીબીએ ભારતીય બનાવટના વિદેશી દારૂના જથ્થા સાથે એક ઇસમને ઝડપી પાડ્યો હતો, જ્યારે એક ઇસમને વોન્ટેડ જાહેર કરીને તેને ઝડપી લેવા કવાયત હાથ ધરી હતી. ભરૂચ એલસીબીની ટીમને બાતમી મળી હતી કે અંકલેશ્વર તાલુકાના અંદાડા ગામે કૈલાસ ટેકરી ખાતે રહેતા ભાવીન હર્ષદભાઈ મોદીએ તેના ઘરમાં ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો ઉતારેલો છે. એલસીબી એ મળેલ બાતમી મુજબના સ્થળે જઈને તપાસ કરતા ત્યાં ઘરના આગળના ભાગેથી ભારતીય બનાવટના વિદેશી દારૂનો રૂ.૫૮૨૦૦ નો જથ્થો મળી આવ્યો હતો. એલસીબી પોલીસે ભાવીન મોદી રહે. ગામ અંદાડાનાને ઝડપી લઈને અન્ય એક ઇસમ અજય ગોકુળભાઈ વસાવા રહે. જૂના હરિપરા તા.અંકલેશ્વરનાને વોન્ટેડ જાહેર કરીને કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 18/10/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# ઝઘડિયાના લીમોદરામાં બે જુગારી ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડીયા તાલુકાના લીમોદરા ગામના સિંગલ ફળિયામાં પ્રકાશ જહરોલીના ઘરની પાછળ ખુલ્લી જગ્યામાં જુગાર રમાતો હોવાની બાતમી મળતાં પોલીસે છાપો માર્યો હતો. પોલીસને જોઇ જુગારીયાઓમાં નાસભાગ મચી હતી.ઘટના સ્થળેથી રાજેશ વસાવા તેમજ પ્રકાશ વ્યાસને ઝડપી પાડવામાં આવ્યાં હતાં. જ્યારે અજય વસાવા, સલ્લુ વસાવા, પ્રકાશ જહરોલી અને ધુલાડ વસાવા નાસી છુટ્યા હતા. પોલીસે કુલ રૂ.4,060 નો મુદામાલ કબજે લઈને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ફરાર થઈ ગયેલાં ઈસમોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરવામાં આવ્યાં છે. પોલીસની કાર્યવાહીના પગલે જુગારીયાઓમાં ફફડાટ ફેલાય જવા પામ્યો છે.

**DATE: 19/10/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–08**

# જંબુસરના માલપુરથી છ જુગારી ઝડપાયા

જંબુસર: જંબુસર તાલુકાના માલપુર ગામે ગોપી તળાવ પાસે બાવળિયાની ઝાડીઓમાં જાહેરમાં જુગાર રમતા છ જુગારીને ઝડપી પાડ્યા હતા. માલપુર ગામે ગોપી તળાવ પાસે આવેલા બાવળિયાની ઝાડીઓમાં કેટલાક શખ્સોએ જુગારની મહેફિલ જમાવી હોય, જેના પગલે ઘટના સ્થળે પોલીસે રેડ પાડતાં જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી. જો કે, પોલીસે (૧) ઉદેસંગ જેસંગ પરમાર, (૨) મહેશ ઈશ્વર ગોહિલ, (૩) વસંત અમરસંગ ગોહિલ, (૪) કાળજી છોટુ પરમાર, (૫) દિનેશ શંકર માછી, (૬) શંકર મૂળજી પરમારને ઝડપી પાડ્યા હતા. પોલીસે તેમની અંગઝડતીના રોકડા રૂ.૬૩૮૦ તથા દાવ પર લાગેલા રૂ.૩૯૬૦ મળી કુલ રૂ.૧૦૩૪૦નો મુદ્દામાલ કબજે કરી ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 19/10/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

## પોલીસે બન્ને બેગમાંનો 8 હજારનો દારૂ જપ્ત કર્યો

# ભરૂચ રેલવે સ્ટેશનના ગરનાળા પાસે દારૂ ભરેલી બે બેગ મળી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ આરપીએફની ટીમને ગરનાળા પાસેથી બે બાઇક બિનવારસી હાલતમાં મળી આવી હતી. ટીમે શંકાના આધારે તેની તપાસ કરતાં તેમાં વિદેશીદારૂની બોટલો ભરેલી હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે કુલ 8 હજારની મત્તાનો દારૂનો જથ્થો જપ્ત કરી અજાણ્યા શખ્સ વિરૂદ્ધ રેલવે પોલીસમાં ફરિયાદ નોંધી હતી. ઉપરાંત બેગમાં દારૂની હેરાફેરી કરનારા શખ્સને શોધવાની કવાયત હાથ ધરવામાં આવી છે.

ભરૂચ આરપીએફના એએસઆઇ રાજકુમા સિંહ તેમજ કોન્સ્ટેબલ જગદિશ ભાભોર પ્લેટફોર્મ પર વોચમાં હતાં. તે વેળાં તેમને સુરત તરફના કસક ગરનાળા પાસે બે બેગ બિનવારસી હાલતમાં પડેલી મળી આવી હતી. પ્રાથમિક તબક્કે બેગમાં કોઇ સ્ફોટક પદાર્થ છે કે કેમ તે અંગેની તપાસ કરતાં તેમાં કોઇ સંદિગ્ધ વસ્તુ ન જણાતાં ટીમે તેને ખોલીને જોઇ હતી. જેમાં બન્ને બેગમાં વિદેશીદારૂની અલગ અલગ બ્રાન્ડની કુલ 8 હજારની મત્તાની મોટી 8 અને નાની 24 બોટલો મળી આવી હતી. બેગમાં અન્ય કોઇ દસ્તાવેજ મળ્યં ન હતાં. જેના પગલે ટીમે રેલવે પોલીસ મથકે અજાણ્યા શખ્સ વિરૂદ્ધ રેલવેમાં ગેરકાયદે રીતે દારૂની હેરાફેરી સબબ ફરીયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી દારૂની હેરાફેરી કરનારા શખ્સને શોધવાની કવાયત હાથ ધરી છે.

**DATE: 20/10/2022 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–08**

## ગેસ્ટ હાઉસમાં મુસાફરોની નોંધણીની એન્ટ્રી ન કરાઈ

# ભરૂચ કેપિટલ ગેસ્ટ હાઉસ સામે ગુનો દાખલ કરાયો

| ભરૂચ |

ભરૂચના કસક ગરનાળા વિસ્તારમાં આવેલ કેપીટલ ગેસ્ટ હાઉસ ખાતે મુસાફરોની અવરજવર અંગે મેઈન્ટેઈન કરવાના રજીસ્ટર અને એપમાં અપુરતી માહિતી હોવાના પગલે ભરૂચના એસઓજી પોલીસ વિભાગે આ અંગે ગુનો દાખલ કરેલ છે.

આ અંગે વિગતે જોતા ભરૂચ પોલીસ તંત્રના એસઓજી વિભાગે હોટલ ચેકીંગની કામગીરી કરતા પીએસઆઈ કે.બી.મીર દ્વારા કેપીટલ ગેસ્ટહાઉસમાં ચેકીંગ કરવામાં આવતા રીસેપ્શન કાઉન્ટર ઉપર કનેકટીવી કોમ્પ્યુટરમાં પોલીસ વિભાગ તરફથી વેબ ડિઝાઈન કરેલ સોફ્ટવેર ઈન્ટોલ કરેલ હોવા છતાં પણ તેમાં મુસાફરોની યોગ્ય માહિતી જણાય ન હતી જેથી ગેસ્ટહાઉસના મોહમુદ મહમદ દેગ્રાવલીયા રહે.નબીપુર કે જેઓ મેનેજર તરીકે ફરજ બજાવે છે. તેમની સામે ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. પોલીસ તંત્ર દ્વારા સોફ્ટવેરમાં ચેકીંગ કરતા અવરજવર કરતા મુસાફરોની એક પણ એન્ટ્રી કરવામાં આવી ન હતી જેથી ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. જેની તપાસ એસઓજી પોલીસ કરી રહી છે.

**DATE: 20/10/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### મૃતકને પરિણીત મહિલા સાથે પ્રેમ સંબંધ હતો : મહિલાના પતિ અને ભાઈએ ભેગા મળી મૃતકનું કાસળ કાઢી નાંખ્યું

# કાપોદરા ગામના યુવાનની પ્રેમ સંબંધમાં સમાધાન થયા બાદ પણ કરપીણ હત્યા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના કાપોદરામાં પરણિત મહિલા સાથે પ્રેમ સંબંધ ધરાવતાં યુવાનની તીક્ષ્ણ હથિયારના ઘા મારી કરપીણ હત્યા કરી દેવામાં આવી છે. પોલીસે ગણતરીના કલાકોમાં હત્યાના ગુનામાં સંડોવાયેલાં પરણિત મહિલાના પતિ અને ભાઈની ધરપકડ કરી છે. મૃતકને છળકપટથી એકાંતમાં બોલાવી તેને મોતને ઘાટ ઉતારી દેવાયો હતો.

કાપોદરા ગામમાં રહેતાં બે સંતાનોનો પિતાની કરપીણ હત્યા કરી દેવામાં આવી છે. તેના બે સંતાનોના માથેથી પિતાની છત્ર છાયા છીનવાઈ ચુકી છે. મૃતક જીગર વસાવાને એક વર્ષ પહેલાં એક પરિણીતા સાથે પ્રેમસંબંધ હતો. જીગર સાથેના પ્રેમસંબંધની જાણ મહિલાના પતિ રાકેશને થઈ ગઈ હતી. જેથી જીગર અને રાકેશ વચ્ચે ઝગડો પણ થયો હતો પણ બંને પક્ષોએ સમાધાન કરી લીધું હતું.

સમાધાન બાદ પણ રાકેશ અને તેનો સાળો રાકેશ ઉર્ફે ટોની વસાવા બંને ભેગા મળી જીગરને ગમાવતાં હતાં. દરમિયાન તારીખ 18મીના રોજ ઉમરપાડા ગામની સીમમાંથી જીનો મૃતદેહ મળી આવ્યો હતો. જીરાના શરીર પર તીક્ષ્ણ હથિયારના ઘા મારવામાં આવ્યાં હતાં. બનાવની જાણ થતાં પાનોલી પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે ગણતરીના કલાકોમાં જ હત્યાના ગુનામાં સંડોવાયેલાં પરણિત મહિલાના પતિ અને ભાઈની ધરપકડ કરી લીધી છે.



પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીઓને ઝડપી પાડ્યા હતા.

## પત્ની સાથેના આડાસંબંધમાં હત્યા

*આરોપી રાકેશની પત્ની અને મૃતક જીગર વચ્ચે અગાઉ પ્રેમસંબંધો હતાં. રાકેશનો સાળો જીગરને છળકપટથી શેરડીના ખેતરમાં લઈ આવ્યો હતો. ખેતરમાં અગાઉથી હાજર રાકેશે ચપ્પુના ઘા મારી જીગરની હત્યા કરી નાંખી હતી. રાકેશ ઉર્ફે ટોની વસાવા હિસ્ટ્રીશીટર હોવાનું પણ સામે આવ્યું છે. તેની સામે અન્ય ગુના પણ નોંધાયા છે.* » ચિરાગ દેસાઈ, ડી.વાય.એસ.પી અંકલેશ્વર

## પાનોલી પોલીસ સ્ટેશને પ્રથમ ગુનો નોંધાયો

રવિવારના રોજ ગૃહમંત્રી હર્ષ સંઘવીના હસ્તે પાનોલી પોલીસ સ્ટેશનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. બે દિવસમાં પાનોલી પોલીસ મથકે એક માત્ર અકસ્માત મોતનો સી.આર.પી.સી.174 મુજબ નો ગુનો થયો છે. જ્યારે હવે હત્યાનો ગુનો દાખલ થયો છે.

## આરોપીઓને ફાંસી આપો

જીગરની હત્યા બાદ તેનો પરિવાર શોકમાં ગરકાવ છે. પોતાના દીકરાને ગુમાવનાર માતા અને ભાઈને ગુમાવનાર બહેને બંને હત્યારાઓને ફાંસીની સજા કરવામાં આવે તેવી માગ કરી છે.

**DATE: 20/10/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### પાનોલી પોલીસે બાકરોલ બ્રિજ પાસે વોચ ગોઠવી હતી

# સુરતના કડોદરાથી ચોરેલી રિક્ષા સાથે બે જણાં ઝડપાયાં



ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

સુરતના કડોદરા ખાતેથી ચોરી કરાયેલી રીક્ષા લઈને ભાગતાં બે શખ્સોને પાનોલી પોલીસે બાકરોલ બ્રીજ પાસેથી ઝડપી પાડ્યાં હતાં. ભરૂચ એસપી ડો. લીના પાટીલ દ્વારા મિલકત સંબંધી અનડિટેક્ટ ગુનાઓ શોધવા માટે સુચના આપતાં ડીવાયએસપી ચિરાગ દેસાઈના માર્ગદર્શન હેઠળ પાનોલી પોલીસ સ્ટેશનની ટીમ પંથકમાં ચકિંગમાં હતી.

એક ટીમ બાકરોલ બ્રીજ નીચે વાહન ચેકિંગ કરી રહી હતી. તે વેળાં એક રીક્ષાને રોકી પુછપરછ કરતાં રીક્ષામાં પાછળની નંબર પ્લેટ પણ ન હોઈ તેમણે રીક્ષા લઈને જઈ રહેલાં બન્ને શખ્સોની પુછપરછ કરી હતી. જેમાં તેમના નામ રાહુલ અશોક ગામીત (રહે. કઠોર, તા. કામરેજ) તેમજ મુસ્તુફાખાન ફકીરાખાન પઠાણ (રહે. ભેસ્તાન આવાસ , ડિંડોલી) હોવાનું માલુમ પડ્યું હતું. તેમની રીક્ષા બાબતે પુછપરછ કરતાં તેમની પાસે તેના દસ્તાવેજ ન હોવા સાથે ગલ્લાતલ્લા કરવા લાગ્યાં હતાં. બાદમાં યુક્તિપ્રયુક્તિથી પુછતાં તેઓએ સુરતના કડોદરા ખાતે આવેલી શ્રી નિવાસ સોસાયટી પાસે પાર્ક રીક્ષા ચોરી કરીને લાવ્યાં હોવાની કબુલાત કરી હતી. બનાવને પગલે પોલીસે ગુનો નોંધ્યો હતો.

**DATE: 20/10/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# સેંગપુર ગામમાંથી બૂટલેગર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાના સેંગ પુર ગામમાં આવેલી નવી નગરી ખાતે હિરેન વસાવા નામના ઈસમ તેના પાનના ગલ્લાના ઉપર દારૂનો જથ્થો સંતાડી વેચાણ કરે છે. તે સમયે પોલીસે ગલ્લા ઉપર હાજર નવીન વસાવાને ઝડપી પાડીને તેની દારૂ અને બીયરના ટીન મળી કુલ બોટલ નંગ 18 કિંમત રૂપિયા 2100નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ દારૂનો જથ્થો હિરેન વસાવાનો હોવાનું જાણવા મળ્યું હતું. રૂપિયા 2100નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 21/10/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–05**

# જૂના બોરભાઠા બેટ ખાતે જમીનમાં ખાડો કરી સંતાડવામાં આવેલો દારૂ ઝડપાયો

અંકલેશ્વર: ભરૂચ જિલ્લામાં દિવાળી તહેવારો ટાણે નશાનો વેપલો કરતાં તત્ત્વો બેફામ બન્યા હોય તેમ એક બાદ એક પોલીસના દરોડામાં બુટલેગરો ઝડપાઇ રહ્યા છે. ભરૂચ ક્રાઇમ બ્રાંચના કર્મીઓ પેટ્રોલિંગમાં હતા. દરમિયાન મળેલી બાતમીના આધારે અંકલેશ્વરના જૂના બોરભાઠા બેટ વિસ્તારના સડક ફળિયામાં રહેતો ઉક્કડ મગન વસાવાને ત્યાં દરોડા પાડી તેઓના મકાનમાં તથા મકાનના પાછળના ભાગે વાડામાં પીપડા દાટી ભારતીય બનાવટનો વિદેશી શરાબનો જથ્થો ઉતારી સંતાડી રાખ્યો હતો. જે બાદ પોલીસે તલાશી લેતાં ભારતીય બનાવટની વિદેશી શરાબની નાની મોટી કુલ ૨૪૯ બોટલ મળી કુલ ૨૬૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. ક્રાઇમ બ્રાંચે પાડેલા દરોડામાં એક મહિલા બુટલેગર ગંગા ઉક્કડ વસાવાની ધરપકડ કરી હતી તેમજ મામલે ઉક્કડ મગન વસાવા નામના બુટલેગરને વોન્ટેડ જાહેર કરી મામલે કાર્યવાહી હાથ ધરી છે.

DATE: 21/10/2022 CATEGORY: GREEN
E-PAPER DIVYABHASKAR PAGE–03

# સારસા ગામે જુગાર રમાડતો ઈસમ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા તાલુકાના સારસા ગામના નવા ફળિયામાં રહેતો કમલેશ વસાવા તેના ઘરની બહાર જુગાર રમાડે છે તેવી બાતમી રાજપારડી પોલીસને મળી હતી. પોલીસે ખાનગી વાહનમાં બાતમીવાળી જગ્યાએ આવીને છાપો માર્યો હતો. પોલીસને સ્થળ પરથી આંકડા લખવાની ડાયરી અને બોલપેન મળી આવ્યા હતા. ડાયરીમાં આંકડા લખેલા હતા. પોલીસે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 21/10/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# રૂા. 9.36 કરોડના ખર્ચે બનેલી ચાર માળની અદ્યતન એસ.પી. કચેરીનું રાજ્યના ગૃહમંત્રીના હસ્તે લોકાર્પણ કરાયું






[illegible]

## દિકરીઓની સલામતીના સંકલ્પ સાથે ગરબા મહોત્સવ



[illegible]

## લોકોની સુરક્ષા અને સલામતી અમારી પહેલી જવાબદારી



[illegible]

## દેશભરમાં ફરજ દરમિયાન પ્રાણ ન્યોછાવર કરનાર શહીદોને સો સો સલામ

[illegible]

## ભરૂચ પોલીસે આપઘાત કરવા ગયેલા લોકોને પણ બચાવી નવજીવન આપ્યું

[illegible]

## પરીવાર અને ફરજનું સંતુલન જાળવવું એ પોલીસનું કૌશલ્ય છે.



[illegible]

**DATE: 22/10/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**

# અંકલેશ્વરના સુરવાડી ઓવરબ્રિજ પાસે વૈભવી કારમાંથી દારૂ ઝડપાયો

**પોલીસે** પાયલોટિંગ કરતી મોપેડ અને દારૂ ભરેલી વૈભવી કાર મળી કુલ રૂ.૨૭ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો



અંકલેશ્વર : અંકલેશ્વર શહેર પોલીસે સુરવાડી ઓવરબ્રિજના છેડા ઉપર એચ.ડી.એફ.સી. બેંક નજીક પાયલોટિંગ કરતી મોપેડ અને વિદેશી દારૂ ભરેલી વૈભવી કાર મળી કુલ રૂ.૨૭ લાખથી વધુનો મુદ્દામાલ કબજે એક ઈસમને ઝડપી પાડ્યો હતો.

અંકલેશ્વરમાં દિવાળી તહેવાર ટાણે દારૂની રેલમછેલ અટકાવવા શહેર પોલીસમથકને બાતમી મળી હતી કે, એમ.એચ.૧૫. જી.એફ.૦૬૫૯માં ત્રણ ઈસમો વિદેશી દારૂનો જથ્થો હાઈવે ઉપર નવજીવન હોટલથી નીકળી રહ્યા છે અને નવા દીવા ગામનો બુટલેગર ગુમાન ઉર્ફે ગુલીયો કાલિદાસ વસાવા મોપેડ નં.(જી.જે.૧૬.સી.કે.૨૪૫૮) દારૂ ભરેલી કારનું પાયલોટિંગ કરી પોતાના ઘરે લઈ જઈ રહ્યો છે, એવી બાતમીના આધારે શહેર પોલીસે સુરવાડી ઓવરબ્રિજના છેડા ઉપર એચ.ડી.એફ.સી. બેંક નજીક વોચ ગોઠવી હતી. એ દરમિયાન બાતમીવાળી જીપ કંપાસ ગાડી આવતાં પોલીસે તેને અટકાવવા ઈશારો કર્યો હતો. પોલીસને જોઈ મોપેડસવાર મોપેડ સ્થળ પર મૂકી ફરાર થઇ ગયો હતો. જ્યારે ગાડીનો ચાલક જીપ લઈ ભાગવા જતાં બમ્પર કુદાવવા જતાં ટાયર બેન્ડ થઇ ગયું હતું. જે ગાડીમાંથી બે ઈસમ ફરાર થઇ ગયા હતા. પોલીસે કીમના રુદ્રાક્ષ રેસિડેન્સીમાં રહેતો રાજેન્દ્ર ઉર્ફે રાજુ હીરા મિસ્ત્રીને ઝડપી પાડ્યો હતો અને કારમાં તપાસ કરતાં તેમાંથી વિદેશી દારૂની ૧૮૦ નંગ બોટલ મળી આવી હતી. પોલીસે ૭૨ હજાર દારૂ અને ૫ લાખની જીપ તેમજ મોપેડ મળી કુલ રૂ.૨૭ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરી ત્રણ બુટલેગરને વોન્ટેડ જાહેર કરી તપાસ હાથ ધરી છે.

**DATE: 22/10/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# સંજાલી ગામે જુગાર રમતાં 6 ખેલીઓ ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

સંજાલી ગામે હોળી ચકલા ક્રિકેટ ગ્રાઉન્ડની પાસે ઈલેક્ટ્રીક લાઈટના થાંભલા નીચે કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા હતા. તે સ્થળને ચારેય બાજુથી કોર્ડન કરીને રેઈડ કરીને છ જુગારીઓને જુગાર રમતા રંગે હાથોએ ઝડપી પાડ્યા હતાં. પોલીસે સ્થળ ઉપરથી દાવ પર લગાવેલા રૂ.1550 અને અંગઝડતીમાંથી મળેલા રૂ. 20,650 મળીને કુલ રૂ.22,200 નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પોલીસે તમામ જુગારીયાઓ સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 22/10/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### ગ્રાહકોની એન્ટ્રી પથિક સોફ્ટવેરમાં કરી ન હતી

# ભરૂચમાં વધુ એક હોટલ સંચાલક વિરુદ્ધ જાહેરનામા ભંગનો ગુનો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એસઓજી ટીમ દ્વારા દિવાળી પર્વ દરમિયાન જિલ્લામાં કોઈ અનિચ્છનિય બનાવને અંજામ આપી શકે તેવી વ્યક્તિ કોઈ હોટલ, ગેસ્ટ હાઉસ, મુસાફર ખાના સહિતના આશ્રય સ્થાનોમાં રોકાણ કરી શકે તેવી શક્યતાઓને લઈને એસઓજી દ્વારા આ પ્રકારના આશ્રય સ્થાનો પર ચેકિંગ શરૂ કર્યું છે.

જેના ભાગરૂપે એસઓજી પીઆઈ એ. એ. ચૌધરીની સુચનાથી પીએસઆઈ એ. વી. શિયાળીયા તેમજ તેમની ટીમના હેકો શૈલેષ ઈશ્વરભાઈ તેમજ પોકો સુરેશ રામસિંગભાઈ તેમજ મો. ગુફરાન મો. આરીફે કસક વિસ્તારમાં આવેલી રેવન હોટલમાં તપાસ કરતાં ઓક્ટોબર મહિનામાં તેમના ત્યાં કુલ 41 લોકો રોકાયાં હોવાનું માલુમ પડ્યું હતું. જેની એન્ટ્રી હોટલ માલિકે પથીક સોફ્ટવેરમાં કરી ન હતી. જેના પગલે એસઓજીની ટીમે હોટલ માલિક ગુલામ આદમ પટેલ વિરૂદ્ધ ગુનો નોંધ્યો હતો.

DATE: 22/10/2022 CATEGORY: GREEN
E-PAPER DIVYABHASKAR PAGE–01

# દારૂની ખેપ મારતો શખ્સ ઝબ્બે, મહિલા બૂટલેગર વોન્ટેડ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકાના પાલેજ ખાતે આવેલી ધનજી શા જીનમાં રહેતા યોગેશ ઠાકોરને પાલેજ પોલીસે ઝડપી પાડ્યો હતો. તેની બાઇકની ડેકીમાંથી વિદેશીદારૂની 24 જેટલી બોટલો મળી આવી હતી. દારૂ ક્યાંથી લાવ્યો તેની પુછપરછ હાથ ધરી હતી. જેમાં તેણે કબુલ્યું હતું કે, તેણે ધનજી શા જીન સોસાયટીમાં રહેતી મીના મહેશ માછીનો હોવાનું જણાવતા પાલેજ પોલીસે બન્ને વિરૂદ્ધ ગુનો નોંધ્યો.